For live updates : **Like** /Gujaratmitra | **Follow** /Gujaratmitra | /Gujaratmitr | **Subscribe** /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

૨૧ ઓક્ટોબરે શિક્ષણ સમિતિની ચૂંટણી અને પરિણામ જાહેર કરાશે

વડોદરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ચૂંટણી માટે ૧૨ ઉમેદવારોને મેન્ડેટ અપાયા

સરકાર દ્વારા ૩ સભ્યોની નિમણૂક કરાશે; ભાજપમાં મંથન બાદ નામો જાહેર

(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરા મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ચૂંટણીનો સત્તાવાર કાર્યક્રમ જાહેર થતાં જ શહેરના રાજકીય વર્તુળોમાં ભારે ગરમાવો આવી ગયો છે. ચૂંટણીના એલાન સાથે જ સત્તાધારી પક્ષ ભાજપમાં ઉમેદવારોની પસંદગી માટે મંથન તેજ બન્યું હતું, જેમાં ૩૬ નામો પર વિચારણા કર્યા બાદ આખરે ભાજપે પોતાના ૧૨ સભ્યોની યાદી જાહેર કરી દીધી છે.

મળતી વિગતો અનુસાર, નવી ગઠિત થનારી શિક્ષણ સમિતિમાં કુલ ૧૫ સભ્યોનો સમાવેશ કરવામાં આવશે. જેમાંથી ૧૨ સભ્યોની પસંદગી ચૂંટણી પ્રક્રિયા દ્વારા કરવામાં આવશે અને બાકીના ૩ સભ્યોની નિમણૂક રાજ્ય સરકાર દ્વારા સીધી કરવામાં આવશે. ચૂંટણી પ્રક્રિયા અંતર્ગત કુલ ૧૨ ચૂંટાયેલી બેઠકોનું માળખું પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે, જેમાં SC/ST કેટેગરી માટે ૧ બેઠક અનામત રાખવામાં આવી છે, જ્યારે મેટ્રિક કે તેથી વધુ ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો માટે ૩ બેઠકો અને સામાન્ય વર્ગ માટે ૮ બેઠકો નક્કી કરવામાં આવી છે.

ચૂંટણીના જાહેર થયેલા સત્તાવાર કાર્યક્રમ મુજબ, ઉમેદવારી ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૬ ઓક્ટોબર રાખવામાં આવી છે. ત્યારબાદ ૧૩ ઓક્ટોબરના રોજ ભરાયેલા ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરવામાં આવશે. મતદાનની પ્રક્રિયા ૨૧ ઓક્ટોબરના રોજ બપોરે ૧૨:૦૦ થી ૩:૦૦ વાગ્યા દરમિયાન યોજાશે. મતદાન પૂર્ણ થયા બાદ તરત જ એટલે કે બપોરે ૩:૩૦ વાગ્યાથી મતગણતરી શરૂ કરી દેવામાં આવશે અને ગણતરી પૂર્ણ થતાંની સાથે જ એ જ દિવસે પરિણામો પણ જાહેર કરી દેવામાં આવશે.

નવનિયુક્ત સભ્યો

૧. કૌશિક પ્રજાપતિ	૯. અજય ગવરા
૨. વીણાબેન ચૌધરી	૧૦કોમલબેન કુકરેજા
૩. દીપાબેન શાહ	૧૧.ચિરાગ યાદવ
૪. નીરવ પટેલ	૧૨.પંકજ રાણા
૫. ધવલ શાહ	**સરકાર ન્યુક્ત 3 સભ્યો**
૬. આરતીબેન જયસ્વાલ	૧.સંજીવ પંચોલી
૭. સોહીલ ગોડિયા	૨.અમિત વ્યાસ
૮. સાલવ મજમુદાર	૩.સરકારી અધિકારી

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના મેન્ડેટમાં સંગઠનનો દબદબો

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની 12 બેઠકો માટે ભાજપના મેન્ડેટમાં સંગઠનનું પ્રભુત્વ જોવા મળ્યું છે. સ્થાનિક રાજકીય ખેંચતાણ વચ્ચે જાહેર યાદીમાં ધારાસભ્યોના જૂથની પસંદગી કરતાં સંગઠનના નિર્ણયને પ્રાધાન્ય મળ્યું હોવાની ચર્ચા છે. સાંસદની ભૂમિકા પણ નિર્ણાયક રહી હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

વોર્ડ-૧૪માં રાજીનામાની ચીમકી

12 ઉમેદવારોના મેન્ડેટ જાહેર થતાં ભાજપમાં અસંતોષ જોવા મળ્યો છે. વોર્ડ-14ના 70થી વધુ કાર્યકરોએ રાજીનામાની ચીમકી આપી હતી. શહેર પ્રમુખે કાર્યકરોને સમજાવવાના પ્રયાસો કર્યા હતા. મરાઠી સમાજને એક પણ મેન્ડેટ ન મળતાં સમાજમાં પણ નારાજગી હોવાનું સામે આવ્યું છે.

કાયદો પરત ખેંચવાની વકીલોની માંગણી કરી

વડોદરાના વકીલોની છટ્ઠા દિવસે પણ હડતાલ : રેન્ટ એક્ટ 2026ની હોળી કરી

મોડીરાત્રે હર્ષ સંઘવી સાથે યોજાયેલી બેઠક બાદ સરકારે ભાડા બિલ પરત ખેંચ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.6

નવા રેન્ટ એક્ટ 2026ના વિરોધમાં વડોદરા વકીલ મંડળની હડતાલ આજે છટ્ઠા દિવસે પણ યથાવત રહી છે. હડતાલને પગલે કોર્ટમાં વકીલો દ્વારા ન્યાયિક કામગીરીથી અળગા રહેતા કોર્ટનું નિયમિત કામકાજ પ્રભાવિત થયું હતું. વકીલોએ નવા ભાડા કાયદા સામે પોતાનો વિરોધ વધુ ઉગ્ર બનાવ્યો છે.

વકીલોએ નવા રેન્ટ એક્ટના વિરોધમાં બિલની હોળી કરી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. આ દરમિયાન સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી નવા કાયદાને પરત ખેંચવાની માંગ કરવામાં આવી હતી. વકીલ મંડળના જણાવ્યા મુજબ, નવા રેન્ટ એક્ટની જોગવાઈઓ સામાન્ય નાગરિકો, ભાડૂતો અને મકાનમાલિકોના હિતમાં નથી. વકીલોનું કહેવું છે કે કાયદાની કેટલીક જોગવાઈઓથી ન્યાયિક પ્રક્રિયા અને પક્ષકારોના હકોને લઈને પણ પ્રશ્નો ઊભા થઈ શકે છે. છેલ્લા છ દિવસથી ચાલી રહેલી હડતાલના કારણે કોર્ટમાં કેસની તારીખ માટે આવતા અસીલોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હોવાનો દાવો વકીલ મંડળ દ્વારા કરવામાં આવ્યો છે. ખાસ કરીને દૂરના વિસ્તારોમાંથી આવતા પક્ષકારો માટે વારંવારની મુદત અને કોર્ટની કામગીરી પ્રભાવિત થવાથી મુશ્કેલી વધી રહી છે. વકીલ મંડળે સ્પષ્ટતા કરી છે કે સરકાર દ્વારા તેમની માંગણીઓ અંગે યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે અને નવા રેન્ટ એક્ટને પરત ખેંચવામાં નહીં આવે તો આગામી દિવસોમાં આંદોલનને વધુ ઉગ્ર બનાવવામાં આવશે. મોડીરાત્રે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને વકીલો વચ્ચે યોજાયેલી બેઠકમાં ભાડા બિલને પરત ખેંચવામાં આવ્યું છે.

સોમા તળાવથી પ્રતાપનગર રોડ પર પાલિકાનો સપાટો

માર્ગ પર કબ્જો જમાવી ચિકનનો વેપલો કરતા તંબુઓ જમીનદોસ્ત

પાણીગેટ અને કાપુરાઇ પોલીસનો કાફલો સાથે રાખી દબાણ શાખાની કાર્યવાહી

(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ટ્રાફિકને અડચણરૂપ ગેરકાયદે દબાણો સામે ઝુંબેશ તેજ કરવામાં આવી છે. દબાણ નિવારણ શાખાની ટીમે સોમા તળાવથી પ્રતાપનગર રોડ પર અચાનક કાર્યવાહી કરી મુખ્ય માર્ગ પરથી દબાણો દૂર કરી રસ્તો વાહનવ્યવહાર માટે ખુલ્લો કર્યો હતો.

આ વિસ્તારમાં ગેરકાયદે વેપાર અને ટ્રાફિકની સમસ્યા અંગે મળેલી ફરિયાદોના પગલે પાલિકાની ટીમે બુલડોઝર સાથે કામગીરી હાથ ધરી હતી. કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પાણીગેટ અને કાપુરાઈ પોલીસની ટીમોનો બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો.

કાર્યવાહી દરમિયાન રોડ પર ચિકનનો વેપાર કરતા કેટલાક વેપારીઓએ મુખ્ય માર્ગ પર તંબુ બાંધી દબાણ કર્યું હોવાનું જણાતા પાલિકાએ તંબુઓ તોડી દબાણ દૂર કર્યું હતું. વેપારીઓનો માલસામાન અને તંબુ સહિતનો મુદ્દામાલ પણ જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસની હાજરી વચ્ચે રોડ પરથી તમામ અડચણો દૂર કરાતા વાહનચાલકોને રાહત મળી હતી.

જોકે, કાર્યવાહી બાદ ફરી દબાણ ન થાય તે માટે સતત મોનિટરિંગ જરૂરી બન્યું છે. સ્થાનિકોમાં હવે પાલિકાની આ કાર્યવાહી નિયમિત રહેશે કે નહીં તે અંગે ચર્ચા છે.

સ્ટેન્ડ ન હોવાથી નો પાર્કિંગના મેમો અપાય છે : યુનિયનનો આક્ષેપ

રેલવે સ્ટેશન પાસે ૮૦થી વધુ રિક્ષાઓ ડિટેઈન કરાતા રિક્ષાચાલકોમાં આક્રોશ

નિયમ ભંગ કરનાર સામે જ કાર્યવાહી : ટ્રાફિક પોલીસ

(પ્રતિનિધિ) વડોદરા, તા.6

વડોદરા શહેરના સયાજીગંજ રેલવે સ્ટેશન અને કડક બજાર વિસ્તારમાં આડેધડ પાર્ક થતી રિક્ષાઓ સામે ટ્રાફિક પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. ચેકિંગ દરમિયાન 80થી વધુ રિક્ષા ડિટેઈન કરવામાં આવતા રિક્ષાચાલકોમાં નારાજગી ફેલાઈ હતી. મોટી સંખ્યામાં રિક્ષાચાલકો એકત્ર થઈ વિરોધ નોંધાવ્યો હતો.

વડોદરા શહેર જિલ્લા રિક્ષા ચાલક યુનિયનના પ્રમુખ બિલાલ પરમારે જણાવ્યું હતું કે, વર્ષ 2022-23થી પોલીસ કમિશનર અને મ્યુનિસિપલ કમિશનરને રેલવે સ્ટેશન આસપાસ રિક્ષા સ્ટેન્ડ ફાળવવા લેખિત રજૂઆતો કરવામાં આવી રહી છે. યોગ્ય સ્ટેન્ડ ન હોવાથી રિક્ષાચાલકોને નો-પાર્કિંગમાં રિક્ષા ઊભી રાખવાની ફરજ પડે છે અને મેમા ભરવા પડે છે. શહેરમાં અંદાજે 80 હજારથી 1 લાખ રિક્ષાચાલકો છે ત્યારે રેલવે સ્ટેશન અને બસ ડેપો જેવા સ્થળોએ સ્ટેન્ડ જરૂરી છે. આ અંગે અનેક વખત રજૂઆત છતાં માત્ર સર્વે થાય છે, સ્ટેન્ડ ફાળવાતા નથી. નાયબ મુખ્યમંત્રી તથા વાહન વ્યવહાર મંત્રીને સમસ્યાના ઉકેલ માટે રજૂઆત કરવામાં આવી છે.

બીજી તરફ ટ્રાફિક વિભાગના એસીપી ડી.એમ. વ્યાસે જણાવ્યું હતું કે, રેલવે સ્ટેશન અને કડક બજાર પાસે આડેધડ પાર્કિંગ, જોખમી ડ્રાઈવિંગ તેમજ લાયસન્સ અને ઈન્સ્યોરન્સ વગરની રિક્ષાઓ સામે ચેકિંગ કરવામાં આવ્યું છે. નિયમોનો ભંગ કરનારા સામે કાર્યવાહી કરાઈ છે. આ ચેકિંગ આગામી એક સપ્તાહ સુધી ચાલુ રહેશે.

પ્રખ્યાત ગેંગના સાગરીતે ચીમકી આપતા કાર્યવાહી થઈ હોવાની ચર્ચા

ટ્રાફિક પોલીસ વિભાગે અચાનક સ્ટેશન વિસ્તારમાં રીક્ષા ચાલકો પર લાલ આંખ કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે. 80 થી વધુ રિક્ષાઓ ડિટેઈન કરવા સાથે મેમો ફટકારવામાં આવ્યો હતો. જોકે, અહીં કરે કોઈ ભરે કોઈ જેવો ઘાટ સર્જાયો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ એક ચાલકે પોલીસના એક કર્મચારીને આ ગેંગનો છું થાય એ કરી લેજો તેમ કહેતા આ કાર્યવાહી કરાઇ હોવાની ચર્ચા ચાલી રહી છે.

બિલ પાસ કરવા ૯ ટકા લાંચ માગી ખાનગી વ્યક્તિ રૂ.૨૫ હજાર લેતા ઝડપાયો

વડોદરા ACBનું ફતેગંજમાં છટકું : શિનોર તાલુકા પંચાયતની સિવિલ એન્જિનિયર સહિત બે સામે ગુનો દાખલ

(પ્રતિનિધિ) વડોદરા, તા.6

સરકારી કામનું બિલ પાસ કરાવવા કોન્ટ્રાક્ટર પાસેથી બિલની રકમના 9 ટકા લેખે રૂ.25 હજારની લાંચ માગવાના મામલે વડોદરા ACBએ ફતેગંજમાં છટકું ગોઠવી ખાનગી વ્યક્તિને લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યો હતો. આ મામલે શિનોર તાલુકા પંચાયતમાં સ્વચ્છ ભારત મિશન હેઠળ આઉટસોર્સિંગથી ફરજ બજાવતી સિવિલ એન્જિનિયર સહિત બે સામે કાર્યવાહી હાથ ધરાઈ છે.

શિનોર તાલુકાના વિવિધ ગામોમાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત કોન્ટ્રાક્ટરે કામ કર્યું હતું. તેના બિલની ચૂકવણી માટે સિવિલ એન્જિનિયર નીધીબેન રમેશ તડવીએ બિલની રકમના 9 ટકા લેખે રૂ.25 હજારની લાંચ માગી હતી. લાંચ નહીં આપે તો બિલ અટકાવી રાખવાની વાત કરી ફોન પર કથિત રીતે દબાણ કરાતું હોવાનો આક્ષેપ છે.

લાંચ આપવા ઈચ્છા ન હોવાથી કોન્ટ્રાક્ટરે વડોદરા ACBનો સંપર્ક કરતાં પોલીસ ઈન્સ્પેક્ટર એ.એન. પ્રજાપતિ અને ટીમે છટકું ગોઠવ્યું હતું. દરમિયાન નીધીબેને લાંચની રકમ આશુતોષ ઉમાકાંત પાઠકને આપવા જણાવ્યું હતું. ફતેગંજમાં સેફ્રોન ટાવર સામે બેંક ઓફ બરોડા નજીકના કંપાઉન્ડ પાસે આશુતોષ પાઠક રૂ.25 હજાર સ્વીકારતા ઝડપાઈ ગયો હતો. ACBએ લાંચની રકમ કબજે કરી બંને સામે કાર્યવાહી હાથ ધરી છે.

ICICI પ્રુડેનશ્યલમાં પોલીસી ઇશ્યૂ થતાં જ ખુલ્યો ભેદ

મૃત્યુના બે મહિના બાદ મૃતકના નામે વીમા પોલીસી ઉતારવાનુ કૌભાંડ

2 માર્ચે મોત છતાં 11 મેના રોજ પોલીસી ઉતારી, બ્રોકરિગ કંપનીના કર્મચારી સામે ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરામાં વીમા કંપનીને છેતરવાનો પ્રયાસ થયાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. જે વ્યક્તિનું બે મહિના અગાઉ જ મોત થઈ ચૂક્યું હતું, તેના નામે વીમા પોલીસી ઉતારી જરૂરી દસ્તાવેજો કંપનીમાં રજૂ કરવામાં આવ્યા હતા. જોકે, કંપનીની ચકાસણી દરમિયાન વીમાધારકનું અગાઉ જ મૃત્યુ થઈ ચૂક્યું હોવાનું બહાર આવતાં સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો.

મળતી માહિતી મુજબ, ICICI પ્રુડેનશ્યલ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની અને D2C ઈન્સ્યોરન્સ બ્રોકિંગ પ્રા.લિ. વચ્ચે ઈન્સ્યોરન્સ બ્રોકર તરીકે કામ કરવા માટે 24 નવેમ્બર 2021ના રોજ કરાર થયો હતો. આ દરમિયાન રાકેશભાઈ પ્રતાપભાઈ પટેલિયાના નામે પોલીસી નં. F7952971 હેઠળ 11 મે 2023ના રોજ વીમા પોલીસી ઈશ્યૂ કરવામાં આવી હતી. પોલીસી માટેના જરૂરી દસ્તાવેજો D2C ઈન્સ્યોરન્સ બ્રોકિંગ મારફતે વીમા કંપનીમાં રજૂ કરાયા હતા.

પરંતુ કંપની દ્વારા પોલીસી અંગે વધુ ખરાઈ કરવામાં આવતા ચોંકાવનારી હકીકત સામે આવી હતી. જે વ્યક્તિના નામે 11 મેના રોજ પોલીસી ઈશ્યૂ કરવામાં આવી હતી તેમનું 2 માર્ચ 2023ના રોજ જ મૃત્યુ થઈ ચૂક્યું હતું. એટલે કે, મૃત્યુના આશરે બે મહિના બાદ તેમના નામે વીમા પોલીસી ઉતારવામાં આવી હતી. આ સમગ્ર ઘટનાને પગલે ICICI પ્રુડેનશ્યલના રિલેશનશીપ મેનેજર પ્રથમ રાજકુમાર પાંડેએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. તેમનો ફરિયાદના આધારે પોલીસે D2C ઈન્સ્યોરન્સ બ્રોકિંગ પ્રા.લિ.ના કર્મચારીની ભૂમિકા સહિત પોલીસી માટે રજૂ કરાયેલા દસ્તાવેજો અને સમગ્ર પ્રક્રિયાની તપાસ શરૂ કરી છે. મૃતકના નામે પોલીસી ઉતારવાના પ્રયાસ પાછળ કોની ભૂમિકા હતી અને આ કૃત્યનો હેતુ શું હતો તે અંગેની હકીકતો તપાસ બાદ સામે આવશે.

‘સ્વચ્છતા નહીં તો ગ્રાન્ટ નહીં’ના ફોર્મ્યુલાથી પાલિકા હરકતમાં

તમામ ૧૯ વોર્ડમાં માર્શલ્સ તહેનાત કરાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.6

રાજ્ય સરકાર દ્વારા “સ્વચ્છતા નહીં તો ગ્રાન્ટ નહીં” અંગે જાહેર કરવામાં આવેલા કડક પરિપત્રને પગલે વડોદરા મહાનગરપાલિકાના વહીવટી તંત્રમાં ભારે ખડભળાટ મચી ગયો છે. શહેરના વિકાસ અને વિવિધ જનહિતના કાર્યો માટે મળતી સરકારી ગ્રાન્ટ અટકી ન જાય તે હેતુથી પાલિકાના ઉચ્ચ અધિકારીઓ તાબડતોબ એક્શન મોડમાં આવી ગયા છે. શહેરમાં ઠેર-ઠેર જોવા મળતા ગંદકીના હોટસ્પોટ્સ અને ઓપન ડમ્પિંગ સાઈટ્સને સપાટાબંધ દૂર કરવા માટે પાલિકા તંત્ર દ્વારા વિશેષ અને કડક આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

આ આયોજનના ભાગરૂપે વડોદરા શહેરના તમામ ૧૯ વોર્ડમાં વિશેષ માર્શલ્સની તહેનાતી કરવાનો મહત્વનો નિર્ણય લેવાયો છે. મુખ્ય માર્ગો તેમજ જાહેર સ્થળો પર ગંદકી ફેલાવતા કે કચરો ફેંકતા તત્વો સામે આ માર્શલ્સને દંડાત્મક કાર્યવાહી કરવાની સત્તા પણ સુપ્રત કરવામાં આવશે. આ ઉપરાંત સ્થાનિક સફાઈ કર્મચારીઓની હાજરી અને તેમની કામગીરી પર સતત સુપરવિઝન જળવાઈ રહે તે માટે અલગ-અલગ વોર્ડમાં સરપ્રાઈઝ ચેકિંગ ટીમ પણ મોકલવામાં આવશે. ગંદકી રોકવાના હેતુથી ‘ફાઈટર સ્ક્વોડ’ અને ‘ઈમરજન્સી સ્ક્વોડ’ રચવામાં આવી રહી છે, જેનો મુખ્ય ધ્યેય શહેરમાં ૧૦૦ ટકા વિઝિબલ ક્લીનલીનેસ લાવવાનો અને ‘ઝીરો ટોલરન્સ ટુ કચરા’ ની નીતિ અમલી બનાવવાનો છે.

બીજી તરફ, પાલિકા દ્વારા ડોર-ટુ-ડોર કચરા કલેક્શનની કામગીરીને વધુ સુદ્રઢ બનાવવા તેમજ કચરાના વાહનો નિયમિતપણે નિર્ધારિત રૂટ પર ફરે તે માટે પણ કડક સૂચનાઓ આપવામાં આવી છે. તંત્ર દ્વારા તમામ સફાઈ કર્મીઓને કડક અમલીકરણ સાથે કામ કરવાની સ્પષ્ટ આદેશ અપાયા છે.

સાયબર ક્રાઇમ પોલીસની નિષ્ક્રિય કામગીરીના કારણે વૃદ્ધ ઠગાયા

HDFC સિક્યુરિટીઝના નામે શેરબજારમાં ૨૦% રોજના નફાની લાલચ આપી રૂ.૧.૯૫ કરોડની સાયબર ઠગાઈ

રૂ.૨.૩૨ લાખ રિફંડ આપી એપમાં રૂ.૬.૧૬ કરોડનો નકલી નફો બતાવ્યો, વધુના રૂ.૨૦ લાખ માંગતા છેતરપિંડીનો ભાંડો ફૂટ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરા શહેરમાં શેરબજારમાં રોકાણથી રોજનું 5થી 20 ટકા વળતર આપવાની લાલચ આપી HDFC Securitiesના નામે રૂ.1.93 કરોડની સાયબર ઠગાઈનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ભેજાબાજોએ ફરિયાદીને વોટ્સએપ ગ્રુપમાં ઉમેરી ફેક ટ્રેડિંગ એપ્લિકેશન ડાઉનલોડ કરાવી તબક્કાવાર રૂ.1.95 કરોડ જમા કરાવ્યા હતા. બાદમાં એપમાં રૂ.6.16 કરોડનો નફો દર્શાવી આ રકમ ઉપાડવા વધુ રૂ.20 લાખ ભરવા જણાવતાં છેતરપિંડીનો ભાંડો ફૂટ્યો હતો.

આ અંગે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. આરોપીઓએ ‘HDFC Securities - The Gate of Wealth’ નામના વોટ્સએપ ગ્રુપમાં ફરિયાદીને ઉમેરી શેરબજાર અને ટ્રેડિંગની ટિપ્સ આપવાનું શરૂ કર્યું હતું. ત્યારબાદ HDFC Securitiesની ટીમના નામે DMA ટ્રેડિંગ એકાઉન્ટ ખોલાવવાની વાત કરી અન્ય ગ્રુપમાં ઉમેર્યા હતા.

આરોપીઓએ HDFC DMAના નામે ફોર્મ ભરાવી ગૂગલ પ્લે સ્ટોરની લિંક મારફતે HDFC Securitiesની બનાવટી એપ ડાઉનલોડ કરાવી હતી. કંપની SEBIમાં રજિસ્ટર્ડ હોવાનું જણાવી ખોટા દસ્તાવેજો અને સર્ટિફિકેટ પણ મોકલ્યા હતા. વિશ્વાસ બેસાડવા શરૂઆતમાં રૂ.2.32 લાખ પરત કર્યા બાદ ફરિયાદી પાસેથી અલગ-અલગ બેંક ખાતામાં રૂ.1.95 કરોડ જમા કરાવ્યા હતા.

બાદમાં એપમાં રૂ.6.16 કરોડનો નફો દર્શાવી રકમ ઉપાડવા જતા મની લોન્ડરિંગનો પ્રશ્ન હોવાનું કહી વધુ રૂ.20 લાખની માંગણી કરાઈ હતી. શંકા જતા ફરિયાદીએ વધુ રકમ આપવાનો ઈનકાર કર્યો હતો. અંતે રૂ.2.32 લાખ પરત મળ્યા બાદ બાકીના રૂ.1.93 કરોડ ન મળતાં 5 ઓક્ટોબરે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

પ્રતાપનગર-કોલકાતા વચ્ચે સાપ્તાહિક ફેસ્ટિવલ સ્પે. ટ્રેન દોડશે, ૧૪ ફેરા થશે

બુકિંગ ૮ ઓક્ટોબરથી શરૂ, વડોદરા-ગોધરા સહિત મહત્વના સ્ટેશનો પર સ્ટોપેજ

(પ્રતિનિધિ) વડોદરા, તા.06

દિવાળી-છઠના તહેવારો દરમિયાન મુસાફરોની વધતી ભીડને નિયંત્રિત કરવા અને સુવિધા આપવા પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા પ્રતાપનગર-કોલકાતા વચ્ચે વિશેષ ભાડા પર ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવાયો છે.

પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેના દ્વારા જણાવ્યા મુજબ ટ્રેન નં. 03110 પ્રતાપનગર-કોલકાતા સ્પેશિયલ દર ગુરુવારે વડોદરાથી 16.15 કલાકે ઉપડશે અને શનિવારે 12.05 કલાકે કોલકાતા પહોંચશે. આ ટ્રેન 15 ઓક્ટોબરથી 26 નવેમ્બર 2026 સુધી દોડશે. તેવી જ રીતે રિટર્નમાં ટ્રેન નં. 03109 કોલકાતા-પ્રતાપનગર સ્પેશિયલ દર મંગળવારે કોલકાતાથી સવારે 8.00 વાગ્યે ઉપડી બીજા દિવસે 23.40 કલાકે પ્રતાપનગર પહોંચશે. આ ટ્રેન 13 ઓક્ટોબરથી 24 નવેમ્બર સુધી દોડશે. કુલ 14 ફેરા થશે.

આ ટ્રેન બંને દિશામાં વડોદરા, ગોધરા, રતલામ, રામગંજ મંડી, કોટા, સવાઈ માધોપુર, આગ્રા, પ્રયાગરાજ, પં. દીનદયાલ ઉપાધ્યાય, ગયા, જસીડીહ, આસનસોલ, દુર્ગાપુર, બર્ધમાન સહિતના સ્ટેશનો પર ઉભી રહેશે. ટ્રેનમાં એસી-3 ટિયર, સ્લીપર અને જનરલ કોચની સુવિધા હશે. ટ્રેન નં. 03110નું બુકિંગ 8 ઓક્ટોબરથી તમામ પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે. મુસાફરોને અગાઉથી બુકિંગ કરાવી મુસાફરીનું આયોજન કરવા રેલવે દ્વારા અપીલ કરવામાં આવી છે.

સિકોતર માતાજીના મંદિર પાસે વાહનચાલકો-રાહદારીઓને હાલાકી

પાણી પુરવઠા લાઈનમાં ભંગાણ સર્જાતા નિમેટા પાસે હજારો લીટર પાણી વહી ગયું

ભંગાણના કારણે આસ-પાસના વિસ્તારોમાં પાણી કાપ અને ઓછા પ્રેશરની સમસ્યા સર્જાવાની દહેશત

(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરા શહેરને પાણી પૂરું પાડતી મુખ્ય પાણીની લાઈનમાં નિમેટા ગામ નજીક મોટું ભંગાણ સર્જાતા હજારો લીટર પીવાનું પાણી વેડફાયું હતું. સિકોતર માતાજીના મંદિર પાસે બનેલી ઘટનામાં પાણીનો ઊંચા પ્રેશર સાથે ધસમસતો પ્રવાહ રસ્તા પર ફરી વળતાં માર્ગ પર પાણી ભરાઈ ગયું હતું. જેના કારણે વાહનચાલકો અને રાહદારીઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, આજવા સરોવરથી વડોદરા તરફ આવતી વડોદરા મહાનગરપાલિકાની મુખ્ય વોટર સપ્લાય લાઈનમાં અચાનક પાઈપ તૂટી જતાં પાણીનો ફુવારો શરૂ થયો હતો. જોતજોતામાં આસપાસના વિસ્તારમાં પાણી ફરી વળ્યું હતું. એક તરફ શહેરના વિવિધ વિસ્તારોમાં ઓછા પ્રેશરથી અથવા ગંદા પાણીની ફરિયાદો ઉઠતી રહે છે, ત્યારે બીજી તરફ પીવાનું ચોખ્ખું પાણી રસ્તા પર વહી જતાં સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો હતો.

ઘટનાની જાણ થતાં આસપાસના રહીશોએ પાલિકાના પાણી પુરવઠા વિભાગને જાણ કરી હતી. બનાવની માહિતી મળતાં જ કોર્પોરેશનની ટેકનિકલ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને પાણીનો પ્રવાહ રોકવા તેમજ લાઈનનું પ્રેશર ઘટાડવાની કામગીરી હાથ ધરી હતી.

મુખ્ય પાણીની લાઈન હોવાથી સમારકામમાં સમય લાગી શકે છે. ભંગાણના કારણે આસપાસના વિસ્તારોમાં પાણી પુરવઠો ઓછા પ્રેશરથી મળવાની અથવા પાણીકાપની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે. પાલિકા દ્વારા વહેલી તકે ભંગાણનું સમારકામ કરી પાણી પુરવઠો પૂર્વવત કરવા કામગીરી હાથ ધરાઈ છે.

રૂ.૮ લાખ ચૂકવવા આપેલા ત્રણ ચેક બેન્કમા જમા કરતા બાઉન્સ થયા

વિશ્વાસ કેળવ્યા બાદ સિનિયર સિટિઝન પાસેથી મિત્રે એ જ રૂ.૧૬.૩૩ લાખ પડાવ્યા

માંજલપુરના નિવૃત્ત વૃદ્ધ સાથે દસ વર્ષની ઓળખાણનો લાભ લઈ ઠગે ચેક-રોકડથી રકમ લીધી

(પ્રતિનિધિ) વડોદરા તા.6

માંજલપુરમાં એકલા રહેતા સિનિયર સિટિઝન સાથે લાંબા સમયથી ઓળખાણ ધરાવતા શખ્સે વિશ્વાસ કેળવી અંગત અને વ્યવસાયિક જરૂરિયાતોના બહાને રૂ.16.33 લાખ પડાવી લીધા હતા. વૃદ્ધે રૂપિયા પરત માંગતા આરોપીએ વાયદાઓ કર્યા બાદ અંતે પૈસા આપવાનો ઈનકાર કરી દીધો હતો. આ ઉપરાંત રૂપિયા ચૂકવવા માટે આપેલા રૂ.45 હજાર, રૂ.3.80 લાખ અને રૂ.8 લાખના ત્રણ ચેક બેંકમાં ડિપોઝિટ કરાવતા અપૂરતા બેલેન્સના કારણે બાઉન્સ થયા હતા. જેથી વૃદ્ધે ઓળખીતા વિરુદ્ધ છેતરપિંડીની માંજલપુર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

માંજલપુરના જી.આઈ.ડી.સી. રોડના સહજાનંદ ફ્લેટ્સમાં રહેતા નિવૃત્ત સિનિયર સિટિઝન અજીતભાઈ ભોગીલાલ મોદીએ નોંધાવેલી ફરિયાદ મુજબ અજીતભાઈ પત્નીના અવસાન બાદ એકલા રહે છે. ભાવીકભાઈ શાહ સાથે તેમની આશરે દસ વર્ષથી ઓળખાણ હતી. તેઓ અવારનવાર ઘરે આવતા, વિશ્વમંદિર દર્શન માટે સાથે જતા તેમજ ઘરવપરાશની વસ્તુઓ લાવી આપતા હોવાથી બંને વચ્ચે વિશ્વાસનો સંબંધ કેળવાયો હતો. આ વિશ્વાસનો લાભ લઈ ભાવીકભાઈએ એપ્રિલ-2026થી અંગત તેમજ વ્યવસાયિક જરૂરિયાતોના બહાના હેઠળ નાણાંની માગણી શરૂ કરી હતી. સિનિયર સિટિઝને આરોપીને વિવિધ બેંક ખાતામાંથી ચેક અને ટ્રાન્ઝેક્શન મારફતે રૂ.15.14 લાખ તથા રોકડ રૂ.1.18 લાખ મળી રૂ.16,.33 લાખ આપ્યા હતા. આરોપીએ જરૂર પડે ત્યારે રકમ પરત આપવાનો ભરોસો આપ્યો હતો. સમય પસાર થયા બાદ અજીતભાઈએ પોતાની રકમ પરત માગવાનું શરૂ કરતાં આરોપીએ અલગ-અલગ બહાના અને વાયદા કર્યા હતા. દરમિયાન રૂ.45 હજાર અને રૂ.3.80 લાખના બે ચેક આપ્યા હતા, જે બેંકમાં રજૂ કરતાં અપૂરતા બેલેન્સના શેરા સાથે પરત ફર્યા હતા. ત્યારબાદ રૂ.8 લાખનો વધુ એક ચેક પણ અપૂરતા બેલેન્સના કારણે બાઉન્સ થયો હતો. ચેક બાઉન્સ અંગે આરોપીને જાણ કરી રકમ પરત માગતા તેણે પૈસા નહીં આપવાની વાત કરી હતી. ફોન પર પણ યોગ્ય જવાબ આપતો ન હોવાનું અને રૂબરૂ ઉઘરાણી કરવા છતાં ખોટા આશ્વાસન આપતો હતો. અંતે પૈસા આપવાનો ઈનકાર કરતાં અજીતભાઈની ફરિયાદના આધારે પોલીસે ભાવીક શાહ સામે છેતરપિંડીનો ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.